**Sandesh (Suppl.: Ahmedabad Purva)**

EDII

June 11, 2023
Pg.6



# યુવાનો તેમના પોતાના વ્યવસાય સ્થાપિત કરે તે માટે તેમને માર્ગદર્શન આપવું પડશે

## EDII તથા DICCI દ્વારા નેશનલ કોન્કલેવ ઑન એમ્પાવરિંગ યૂથ યોજાઈ

**સિટી લાઇફ** । આંત્રપ્રેન્યૉરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII), તથા દલિત ઈન્ડિયન ચૅમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (DICCI) દ્વારા 'એમ્પાવરિંગ યૂથ: ફોસ્ટરિંગ ઈન્ક્લુઝન એન્ડ ડાયવર્સિટી' વિષય પર રાષ્ટ્રીય કોન્કલેવ યોજાઈ. કોન્કલેવનો મુખ્ય એજન્ડા સમાજમાં ડાયવર્સિટી અને ઈન્ક્લુઝન હાંસલ કરવામાં આવતા પડકારો અને અવરોધોને ઓળખવા તથા સર્વસમાવેશને પ્રોત્સાહિત કરે તેવી નીતિઓ, પગલાં તથા પ્રક્રિયાની ચર્ચા કરવાનો હતો.

વિવિધ સ્તરે ડાયવર્સિટી અને ઈન્ક્લુઝનને પ્રોત્સાહિત કરવા માટેના નૂતન ઉપાયો વિશે પણ કોન્કલેવમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઈવેન્ટના ભાગરૂપે વિવિધ ટેક્નિકલ સેશનનું પણ આયોજન થયું હતું. વિવિધ સેશનમાં ચોથી ઔદ્યોગિક ક્રાંતિના સંદર્ભમાં ભાવિ કામગીરી, સર્વસમાવેશી પ્રેક્ટિસ હાંસલ કરવા માટેના ઉપાય તથા લાંબાગાળાની સ્થિરતા માટે સહયોગના મહત્ત્વ અને ઈન્ક્લુઝિવ નીતિઓ - વગેરે પર ચર્ચા કરવામાં આવી હતી. DICCIના સ્થાપક ચેરમેન તથા EDIIના બોર્ડ મેમ્બર ડૉ. મિલિન્દ કામ્બલેએ કહ્યું કે, યુવાનોને સારી રીતે રોજગાર મળે તે સુનિશ્ચિત કરવાની આજની જરૂરિયાત છે. તેથી સ્વાવલંબન અસરકારક વિકલ્પ બની રહે છે. યુવાનો તેમના પોતાના વ્યવસાય સ્થાપિત કરે તે માટે તેમને માર્ગદર્શન આપવું પડશે. કોઈપણ દેશની પ્રગતિમાં MSMEની ભૂમિકા સર્વોચ્ચ છે. દેશનું ભવિષ્ય બદલવાની ક્ષમતા યુવાનો પાસે છે. તેમને કુશળ બનાવવાની જરૂર છે જેથી તેઓ દેશની પ્રગતિમાં ભાગીદાર બને.

### પ્રગતિનું નેતૃત્વ કરવાની જવાબદારી યુવાનોની છે

EDII ના ડિરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લએ કહ્યું કે, એક દેશ તરીકે આપણા માટે એ અગત્યનું છે કે યુવાનોની યોગ્યતાને સંશોધન અને રચનાત્મક કામો તરફ વાળીએ. સર્વસમાવેશ અને વૈવિધ્ય આ દેશના મૂળભૂત સંસ્કારો સાથે જોડાયેલી બાબત છે. આ બંને બાબતો ઉપર પ્રગતિનું નેતૃત્વ કરવાની જવાબદારી યુવાનોની છે. આંત્રપ્રેન્યોરશિપ એ સરહદો પાર કરવાનો અને કોઈ પૂર્વગ્રહ વિના સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરવાનો એક માર્ગ છે. યુવાનોએ આ અંગે આગળ આવવું પડશે, ખાસ કરીને એટલા માટે કે તેઓ સંશોધન અને ટેક્નોલોજીને વધારે સારી રીતે જાણે છે અને છેવટે એ બાબતો જ સ્ટાર્ટઅપ તથા નવા બિઝનેસનો આધાર બને છે.